# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-11-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. લોકોની રજૂઆતો સાંભળવા સોમવાર અને મંગળવારને ફરજિયાત આરક્ષિત કરવા મંત્રીઓને મુખ્યમંત્રીની સૂચના
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય અને દેશના ટકાઉ વિકાસ માટે કાયદાના શાસનને મહત્વનો સ્તંભ ગણાવ્યો
3. રાજ્યના સાયબર ગુના વિભાગે પાટણમાંથી બે આરોપીની ધરપકડ કરી 247 કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડી પકડી
4. ભરૂચના વાગરામાં બોઇલરમાં વિસ્ફોટ થતાં 3 લોકોના મોત
5. રાજ્યમાં 18 નવેમ્બર સુધી બેવડી ઋતુનો અનુભવ થશે

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM INTRUCTIONS

અનિવાર્ય સંજોગો સિવાય સોમવાર અને મંગળવારને ફરજિયાત જાહેર જનતા અને જન પ્રતિનિધિઓની રજૂઆતોને સાંભળવા માટે આરક્ષિત કરવા રાજ્યના મંત્રીઓને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૂચના આપી છે.

ગાંધીનગર ખાતે આજે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠક અંગે વધુ માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું, સોમવાર અને મંગળવારના રોજ કોઈ સરકારી મીટિંગ ન રાખવા મુખ્યમંત્રીએ તમામ મંત્રીઓને સૂચના આપી છે. તેમણે ઉમેર્યું, પ્રભારી મંત્રીઓને તેમના વિસ્તારના મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ અને રોડની સ્થિતિની સમીક્ષા કરવા પણ સૂચના આપવામાં આવી છે.

(બાઇટ : જીતુ વાઘાણી - પ્રવક્તા મંત્રી)

-------------

# VAGHANI GAU VANSH

ગૌ-સંવર્ધન અને ગૌ-સંરક્ષણ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. આજે ગાંધીનગર ખાતે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું, ગૌહત્યા જેવા ગુના સામે રાજ્ય સરકાર કોઈ દયા દાખવશે નહીં. તાજેતરમાં અમરેલીમાં ગૌહત્યા

કેસના ચુકાદાને પણ તેમણે આવકાર્યો. તેમણે જણાવ્યું, રાજ્યનો કાયદો ગૌહત્યા કરનારાઓને સૌથી કડક સજા આપવાની જોગવાઈ સાથે દેશમાં અગ્રેસર છે.

(બાઇટ : જીતુ વાઘાણી – પ્રવક્તા મંત્રી)

-------------

# CM GANDHINAGAR GNLU

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય અને દેશના ટકાઉ વિકાસ માટે કાયદાના શાસનને મહત્વનો સ્તંભ ગણાવ્યો. સાથે જ તેમણે ડિજિટલ ફેરફાર થકી દેશમાં આવેલા પરિવર્તનની પણ રૂપરેખા આપી. ગાંધીનગરમાં ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે નૉટરી તરીકે પસંદગી પામેલા એક હજાર 500થી વધુ ઍડ્વોકેટ્સને પ્રમાણપત્ર એનાયત સમારોહને સંબોધતા શ્રી પટેલે આ વાત કહી.

તેમણે સૌ નવનિયુક્ત નૉટરીઓ કાયદાના શાસનને વધુ મજબૂત બનાવી “વિકસિત ગુજરાતથી વિકસિત ભારત”ના નિર્માણમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો.

**(બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)**

ઉલ્લેખનીય છે કે, રાજ્યના કાયદા વિભાગ અને ગુજરાત બાર કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે આ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે શ્રી

પટેલે કાયદા વિભાગ દ્વારા તૈયાર કરાયેલા નોટરી પૉર્ટલનો તેમજ રાજ્યમાં ઈ-નૉટરી સિસ્ટમ તબક્કાવાર વિકસાવવાનો પ્રારંભ કરાવ્યો.

-------------

# CYBER FRAUD

રાજ્યના સાયબર ગુના વિભાગે પાટણમાંથી બે આરોપીની ધરપકડ કરી 247 કરોડ રૂપિયાનું સાયબર છેતરપિંડી પકડી છે. આરોપીઓ બે નકલી એકાઉન્ટ બનાવી છેતરપિંડી આચરતા હતા. ગાંધીનગર સાયબર સેન્ટર ઓફ એક્સલન્સના પોલીસ અધિક્ષક વિકાસ ભેડાએ માહિતી આપતા જણાવ્યું, આ મામલે રાજ્યમાં 47 કેસ નોંધાયા છે અને 24 જેટલા મ્યુલ એકાઉન્ટપકડાયા છે.

(બાઇટ : વિકાસ ભેડા- SP)

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# BHARUCH DEATH

ભરૂચ જિલ્લાના વાગરામાં બોઇલરમાં વિસ્ફોટ થતાં 3 લોકોના મોતના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે કે સાયખા GIDC વિસ્તારમાં વિશાલ ફાર્મા કંપનીમાં આ દુર્ઘટના બની હતી જેમાં 24 લોકો ઇજાગ્રસ્ત થયા છે. તમામ ઇજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ઘટનાની જાણ થતા જ ચારથી પાંચ અગ્નિશમન દળની ગાડીઓ સ્થળ પર પહોંચી બચાવ અને રાહતની કામગીરી શરૂ કરી. કાટમાળ હટાવવાની કામગીરી સાથે મૃત્યુઆંક વધવાની શક્યતા જોતાં શોધ અભિયાન ચાલી રહ્યું છે.

-------------

# DIPLOMA COURSE

સરકારી નર્સિંગ – તબીબી કોલેજમાં નિશ્ચિત સારવાર માટે એક વર્ષનો વિશેષ 'પોસ્ટ બેઝિક ડિપ્લોમા' કોર્ષ શરૂ કરાયો છે.

સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ આ કોર્સમાં ક્રીટીકલ કેર, ઈમરજન્સી, ડિઝાસ્ટર, કાર્ડીઓલોજી, ઓનકોલોજી જેવા વિવિધ આઠ વિષયોનો સમાવેશ કરાયો છે. આ કોર્સ દ્વારા સ્ટાફ નર્સને ચોક્કસ તબીબી

શાખાઓમાં ઊંડી સમજ અને પ્રેક્ટીકલ તાલીમ પૂરી પાડવામાં આવશે. આ એક વર્ષનો કોર્સ પૂર્ણ કર્યા બાદ રાજ્યભરની હોસ્પિટલોમાં ફરજ બજાવતા સ્ટાફ નર્સની કામગીરીની ગુણવત્તામાં નોંધપાત્ર વધારો થશે, જેનાથી દર્દીઓને વધુ સારી અને કુશળ સારવાર મળી શકશે.

પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થી જે તે સંસ્થાની વેબસાઈટ પર 21 નવેમ્બર સુધી અરજી કરી શકશે.

-------------

# PASSENGER TRAIN

કેન્દ્રીય શ્રમ રોજગાર યુવા બાબતોના મંત્રી મનસુખ માંડવિયાએ પોરબંદર  રાજકોટ વચ્ચે બે નવી પેસેન્જર ટ્રેન ચલાવવા માટે મંજૂરી આપી છે.

રાજકોટ પોરબંદર પ્રારંભિક સ્પેશિયલ ટ્રેન 14 નવેમ્બર 2025 એ રાજકોટથી સવારે સાડા દસ વાગે પ્રસ્થાન કરશે. જે બે વાગીને 40 મિનિટે બપોરે પોરબંદર પહોંચશે.

જ્યારે દૈનિક પેસેન્જર ટ્રેન રાજકોટથી સવારે 8 વાગીને 35 મિનિટે ઉપડશે અને બપોરે સવા એક વાગે  પોરબંદર પહોંચશે. જ્યારે પોરબંદર પેસેન્જર ટ્રેન સાપ્તાહિક પાંચ દિવસ ગુરૂવાર અને રવિવાર સિવાય પોરબંદરથી સવારે 7 વાગીને 50 મિનિટે પ્રસ્થાન કરશે. જે સાડા બાર વાગે રાજકોટ પહોંચશે. તે જ રીતે રાજકોટ પેસેન્જર ટ્રેન સાપ્તાહિક પાંચ

દિવસ બુધવાર અને શનિવાર સિવાય રાજકોટથી બપોરે બે વાગીને 50 મિનિટે ઉપડશે, અને રાત્રે સાડા આઠ વાગે પોરબંદર પહોંચશે.

-------------

# SHIKSHAN SAHAYAK BHARTI-2025

રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી અંતર્ગત દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી ઝૂંબેશ ૨૦૨૫ અન્વયે નિયત લાયકાત ધરાવતા દ્વિસ્તરીય TAT (Sec) -૨૦૨૩ પરીક્ષા પાસ હોય તેવા ફક્ત દિવ્યાંગ ઉમેદવારો આજથી ૨૧નવેમ્બર ૨૦૨૫ સુધી gserc.in વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકશે. જેની ખાસ નોંધ લેવા ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફ ભરતી માટેની પસંદગી સમિતિની યાદીમાં જણાવાયુ છે.

-------------

# WEATHER

રાજ્યમાં 18 નવેમ્બર સુધી સંપૂર્ણ સૂકું વાતાવરણ રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બપોરના સમયે ગરમીનો અનુભવ થશે,

જ્યારે રાત્રે ઠંડક એમ બેવડી ઋતુનો અનુભવ થશે. હવામાન વિભાગના નિયામક ડૉ એ કે દાસે જણાવ્યું, આગામી દિવસોમાં ઠંડીનું જોર ધીમે ધીમે વધવાની સંભાવના છે.

(બાઇટ : ડૉ. એ કે દાસ – નિયામક)

-------------

# BANASKANTHA BLO

રાજ્યમાં હાલ મતદાર યાદી વિશેષ સઘન સુધારણા-SIR પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે બનાસકાંઠાની મહિલા BLO મનીષાબેન પ્રજાપતિએ 48 કલાકમાં 450 ફોર્મની ઓનલાઈન પ્રક્રિયા પૂર્ણ કરી પ્રશંસનીય કામગીરી કરી છે. તેમણે ૧૨- પાલનપુર વિધાનસભા મતદાર વિભાગના ભાગ નં. ૪૪ એગોલાની મહિલા બુથ લેવલ અધિકારી તરીકે ઉત્કૃષ્ટ કામગીરી કરી છે ત્યારે જિલ્લા ચૂંટણી અધિકારી મિહિર પટેલના હસ્તે તેમનું સન્માન કરવામાં આવ્યું.

-------------

# GIRSOMNATH-NABH CERTIFICATE

ગીર સોમનાથની ઈન્ડિયન રેડક્રોસ જિલ્લા શાખાને રાષ્ટ્રીય માન્યતા ધરાવતું NABH (નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર હોસ્પિટલ્સ એન્ડ હેલ્થકેર પ્રોવાઈડર) સર્ટિફિકેટ પ્રાપ્ત થયું છે.

જિલ્લા કલેક્ટર અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના જિલ્લા અધ્યક્ષ એન.વી.ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, આ સર્ટિફિકેટ આરોગ્યક્ષેત્રમાં સેવા આપતી એવી સંસ્થાઓને મળે છે. જેણે આરોગ્ય સેવાઓના ક્ષેત્રમાં ઉચ્ચ માપદંડો સાથે કાર્ય કર્યું હોય. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી એ આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત સંસ્થા છે.

તપાસ દરમિયાન દર્દીઓને અપાતી સુવિધાઓ, બ્લડ લેવામાં રાખવામાં આવતી ચોક્સાઈ, બ્લડનું સ્ટોરેજ, આરોગ્યસેવાઓની વિવિધ પ્રક્રિયાઓ માં ચોક્સાઈ રાખવામાં આવે છે. એ  તમામ બાબતોને ચકાસીને સર્ટિફિકેટ આપવામાં આવે છે.

-------------

# DANG – WALL NI KAMGIRI

ડાંગના કાર્યપાલક ઇજનેર કેતન કુંકણા એ કહ્યું કે કમોસમી વરસાદ થી પીંપરી કાલીબેલ ભેંસકાત્રી રોડના ઘાટ સેક્શનનું ધોવાણ થતાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા કાઉન્ટર-ફોર્ટ રિટેનિંગ વોલનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, માર્ગ અને મકાન વિભાગ ડાંગના અધિકારીઓ દ્વારા કામની ગુણવત્તા, સલામતી અને સમયમર્યાદા સાથે પૂરું થાય તે

માટે સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. તેમજ આ પ્રોજેક્ટ ડાંગ વિસ્તારના હિલી રીજનમાં ટકાઉ વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારણા માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

-------------

# SIR - GIRSOMNATH

સમગ્ર રાજ્ય સાથે ગીર સોમનાથ જિલ્લામાં મતદારયાદીનો સઘન સુધારણા કાર્યક્રમ 7 ફેબ્રુઆરી 2026 સુધી યોજાશે.

જિલ્લા કલેક્ટર એન.વી.ઉપાધ્યાયે જણાવ્યું કે આ એક રાષ્ટ્રીય કામગીરી છે અને ૨૦ વર્ષ પછી આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. તેમણે કહ્યું કે  બૂથ લેવલ ઓફિસર દ્વારા 4 ડિસેમ્બર 2025 સુધી દરેક ઘરે એન્યુમરેશન ફોર્મ આપશે અને પરત મેળવશે. તેમજ 9 ડિસેમ્બર 2025ના રોજ ડ્રાફ્ટ મતદાર યાદીનું પ્રકાશન થશે. 9 ડિસેમ્બર 2025 થી  8 જાન્યુઆરી 2026 સુધી દાવા અને વાંધાની અવધિ હશે અને 9 ડિસેમ્બર 2025 થી 31 જાન્યુઆરી 2026 સુધી નોટિસ તબક્કો સુનાવણી અને ચકાસણી થશે તેમજ  7 ફેબ્રુઆરી 2026 ના રોજ અંતિમ મતદાર યાદીનું પ્રકાશન થશે.

-------------